# અખબારી યાદી

આથી રાજયની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જણાવવામાં આવે છે કે," Teachers Registration"અને "School Registration"ઓનલાઇન એન્ટ્રી www.gseb.org પર શરૂ થઇ ગયેલ છે. શાળામાં કામ કરતાં તમામ શિક્ષકોની ઓનલાઇન એન્ટ્રી ફરજીયાત કરવાની છે. આ એન્ટ્રીના આધારે Teachers Database તૈયાર કરીને તેનો ઉપયોગ પરીક્ષાની કામગીરીમાં થતો હોય, દરેક માધ્યમિક અને ઉચ્ચતરમાધ્યમિક શાળાના આચાર્યશ્રીઓને આથી સૂચના આપવામાં આવે છે કે, માર્ચ-૨૦૧૮ ની પરીક્ષા માટે ફકત યોગ્ય લાયકાત ધરાવતા જ શિક્ષકશ્રીઓની એન્ટ્રી ટીચર રજીસ્ટ્રેશનમાં કરવી. એચ.એસ.સી ના ઇન્ડેક્ષ નંબર પર શિક્ષકશ્રીઓનું રજીસ્ટ્રેશન કરતી વખતે H.S.C Science, H.S.C General અને અન્ય તમામ પ્રવાહો( જે આપની શાળામાં ચાલતા હોય) તેના તમામ શિક્ષકોની એન્ટ્રી એક સાથે કરવી. એકવાર Confirm ✓ ટીક કરી Lock (Freeze) કર્યા બાદ Unlock કરી શકાશે નહી. તેમજ પ્રથમ School Registration કરી Confirm ✓ ટીક કર્યા બાદ જ Teacher Registration કરી શકાશે. તમારી શાળાનું "School Registration" અને "Teachers Registration " નવી નોંધણી કે તેમાં સુધારા-વધારા કરી તેની પ્રિન્ટ દરેક શિક્ષકને ફરજીયાત આપવાની રહેશે.

નવી મંજૂર થયેલ ખાનગી શાળાઓને તેમના ઇન્ડેક્ષ નંબર અને પાસવર્ડ શાળા દ્વારા નવા ક્રમિક વર્ગ વધારાની અરજીમાં આપવામાં આવેલ Email Address પર મોકલી આપવામાં આવેલ છે. જો કોઇ કારણોસર પાસવર્ડ મળેલ ના હોય તો આપે બોર્ડની શાળાનિયંત્રણ શાખા, ગાંધીનગરનો સંપર્ક સાધવાનો રહેશે. સળંગ એકમ તરીકે મંજૂર થયેલ નવી ગ્રાન્ટેડ શાળાઓને જો ઇન્ડેક્ષ નંબર મળી ગયેલ હોય તો તેનો પાસવર્ડ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાંથી મેળવી લેવાનો રહેશે.

"School Registration" અને "Teachers Registration" કરેલ શાળાઓ જ માર્ચ- 2018 ની પરીક્ષાના આવેદનપત્રો ભરી શકશે. જેની નોંધ લેવી.

તા:-૨૬/૯/૨૦૧૭

સચિવ

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

E:\PURVI\IT\teacher registration suchnao.docx